## (A-4)
## મને વ્હાલા જિનેશ્વર લાગે,

(ચંદનહારી દેશીમાં)

મને વ્હાલા જિનેશ્વર લાગે, પ્રભુનું ધ્યાન ધ્યાવું રે;
હું તો નમન કરી શુભ ભાવે, જિણંદ ગુણ ગાવું રે (ટેક)

(સાખી)

જ્ઞાન-દર્શ-ચારિત્રથી, કરી ચાર કર્મનો અંત;
પરમાતમ પદ પામીને, પ્રભુ અનંત ગુણે શોભંતરે......
જિણંદ ગુણ ગાવું રે; હું તો નમન કરી શુભ ભાવે, જિણંદ૦

જિનગુણરામી ઋષભદેવ, અજિતનાથ ભગવંત;
જગદીશ્વર સંભવનાથને, નમું અભિનંદન બલવંતરે. જિ૦ ૨

સુમતિદાતા સુમતિજિન, કરું પદ્મપ્રભ સેવ;
સુખકર સુપાર્શ્વનાથને, નમું ચંદ્રપ્રભ જિનદેવરે. જિ૦ ૩

મનવિસરામી સુવિધિજિન, શીતલકર શીતલનાથ;
ઘનનામી શ્રેયાંસનાથને, નમું વાસુપૂજ્ય બ્રહ્મચારી રે. જિ૦ ૪

અંતરજામી વિમલજિન, ભવજલતારું અનંત;
ધર્મદાયક ધર્મજિનને, નમું શાંતિકર શાંતિ ભદંતરે. જિ૦ ૫

આતમરામી કુંથુનાથ, મહિમાવંત અરનાથ;
બ્રહ્મચારી મલ્લિનાથને, નમું મુનિસુવ્રત મુનિનાથરે. જિ૦ ૬

આત્મગુણી નમિનાથ-જિન, બ્રહ્મચારી નેમિ-જિણંદ;
બ્રહ્મચારી પાર્શ્વનાથને, નમું વીર-જિણંદ દિણંદરે. જિ૦ ૭

પૂર્ણાનંદી અરિહંતને, નમું પરમ ઉલ્લાસ;
પ્રભુ શરણાગત દાસના, ઝટ તારો પ્રભુ મને ખાસરે. જિ૦ ૮